ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૫૮ ટકા

# દિવાળી પહેલા પુષ્ય નક્ષત્રનો શુભ સંયોગ

## પુષ્ય નક્ષત્રને નક્ષત્રોનો રાજા કહેવામાં આવે છે : ખરીદી અને અન્ય શુભ કાર્યો માટે શુભ માનવામાં આવે છે

દિવાળી પહેલા ખરીદી માટે ઘણા શુભ સમય છે. આવો જ એક શુભ યોગ છે પુષ્ય નક્ષત્રનો. આ વખતે મંગળવાર ૧૮મીએ પુષ્ય નક્ષત્રનો સંયોગ બની રહ્યો છે. જ્યોતિષશાસ્ત્રમાં તેને નક્ષત્રોનો રાજા કહેવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ નક્ષત્રમાં કરવામાં આવેલી ખરીદી લાંબા સમય સુધી શુભ ફળ આપે છે. આ નક્ષત્રમાં જ્વેલરી, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ, ઘર સજાવટની વસ્તુઓ વગેરે ખરીદી શકાય છે. જ્યોતિષાચાર્ય વિષ્ણુ વૈષ્ણવના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૨માં દિપાવલીના છ દિવસ પહેલા એટલે કે ૧૮ ઓક્ટોબરે મંગળવારના રોજ પુષ્ય નક્ષત્રનો ખાસ યોગ થઈ રહ્યો છે. જે ખરીદી માટે શુભ મહામૂહુર્ત યોગ ગણી શકાય છે. આ દિવસે સૂર્યનો કન્યા રાશિમાંથી ગમન કરી તુલામાં પ્રવેશ થઈ ગયો હશે. આ દિવસે તુલા સંક્રાંતિ પણ મનાવવામાં આવે છે.

પુષ્ય નક્ષત્ર ૧૮મીએ સવારે ૫.૧૩ મિનિટથી શરૂ થઈ બુધવાર તારીખ ૧૯મીએ સવારે ૮.૦૨ મિનિટ સુધી રહેશે. ૧૮ ઓક્ટોબરનો સિદ્ધયોગ સાંજે ૪.૫૩ મિનિટ સુધી રહેશે. ત્યારબાદ સાધ્યયોગ શરૂ થશે. આ વખતે પુષ્ય નક્ષત્ર સાથે સિદ્ધ અને સાધ્ય યોગ દિવસભર સાથે રહેવાથી આ સમયમાં સોનું, ચાંદી, ભૂમિ, મકાન, કલમ તથા અન્ય સંપત્તિની ખરીદી શુભ માનવામાં આવે છે.

### પુષ્ય નક્ષત્રમાં સોનુ ખરીદવાનું મુહૂર્ત

● ૧૮-૧૦-૨૦૨૨ મંગળવારે સવારે ૬.૨૩ થી ૧૯-૧૦-૨૦૨૨ બુધવારે સવારે ૬.૨૪ સુધી.

● મંગળ પુષ્ય નક્ષત્ર ઉપર સોનુ, ચાંદી તાંબુ જેવી ધાતુ ખરીદવાથી સુખ-સમૃદ્ધિ વૈભવમાં વધારો થાય છે.



## જન્મદિને વધામણી



જીગ્નેશ રમણલાલ સોની
મો. ૯૯૭૮૬ ૨૭૨૭૯



વૃતિકા યુ પાનવાલા
મો. ૯૮૯૮૫ ૭૫૬૫૦



માર્મિક ચંદ્રકાંત હાજીપરા



દેવ ચેતન ત્રિવેદી



હાર્દિક શાહ



નેચર ફર્સ્ટ, પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગરના સતત ૬૩મા સપ્તાહે શનિવારે ૧૭/૨૨ બસસ્ટેન્ડ પાસ પ્લાસ્ટિક સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યાંથી સૌ પંચદેવ મંદિરે યજ્ઞમા દર્શન કરવાં પધાર્યા હતા. જ્યાં પૂ ફુલશંકર શાસ્ત્રીજી મહારાજ, ભાનુપ્રસાદ મહારાજ, રુદ્રીના સૌ ભૂદેવોએ આશીર્વાદ આપ્યા હતા. બી ડી શર્મા તથા નેચર ફર્સ્ટના નારણભાઈ પી પટેલ, પૂર્વ ગૃહ મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ માનવીઓને ભગવાને આપેલ બુદ્ધિનો સદુપયોગ કરવાં જણાવેલ નહીં તો ઘોર વિનાશ થશે તેમ જણાવેલ. આ કાર્યક્રમમા નેચર ફર્સ્ટના કુમાર લીમાંની, જી પી પટેલ, જયંતભાઈ વઘાસીયા અન્ય મહાનુભાવો અને ટીમના સૌ સભ્યો એ ભાગ લીધો હતો.

## શારદા સ્કુલ ઓફ ફાર્મસી ખાતે અંગદાન વિષયનો કાર્યક્રમ



અંગદાન વિશે કહેવાય છે કે " જિંદગી કે સાથ ભી જિંદગી કે બાદ ભી " મનુષ્ય ના મ્રુત્યુ પછી પણ અંગદાન થી એ કોઈ ના સ્વરૂપ માં તે મનુષ્ય જીવતો રહે છે. અંગદાન પર ચાણક્યએ ખુબ સરસ કીધુ છે. દાન કરવાની વૃતિ, મધુર પ્રવચન, ધીરજ, યોગ્યતા અને અયોગ્યતા આ મનુષ્યના સ્વભાવિક ગુણો છે. તેને કેળવી ના શકાય એને જાગ્રુત કરવાની અને સમજવાની જરૂર હોય છે. અને જો એ જાગ્રૂતા મનુષ્યમાં આવી જાય તો બીજાનું જીવન સવારી શકાય છે, જેના હેતુથી શારદા સ્કુલ ઓફ ફાર્મસીના એનએસએસ સેલ દ્વારા અંગદાન વિષયનું મહત્વ પ્રસ્તુત કરતો કાર્યક્રમનું આયોજન કરવા મા આવ્યું. આ કાર્યક્રમમાં રમણભાઈ પટેલ વિજાપુરના ધારાસભ્યે હાજરી આપી હતી. જેમા મુખ્ય પ્રવકતા દિલીપ દેશમુખે અંગદાનનું શું મહત્વ છે એ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે કપીલ શાહે જન્મદિવસની ઉજવણીના ભાગ રૂપે વિધ્યાર્થીઓ અને અધ્યાપક ગણમાં અંગદાન કરવાની અને કરાવવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## ઓમલેન્ડ માર્ક સ્કૂલ ૧૫ વર્ષ પૂર્ણ થતાં પુરસ્કાર વિતરણ કાર્યક્રમ



ચિલોડા, તા. ૧૫

ચિલોડા મોટા સ્થિત ઓમલેન્ડ એજ્યુકેશન સંચાલિત ઓમલેન્ડ માર્ક સ્કૂલને ઝળહળતા ૧૫ વર્ષ પૂર્ણ થવા બદલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ સત્રમાં પ્રાપ્ત કરેલ વિશિષ્ટ સિદ્ધિઓ જેમાં ખેલ મહાકુંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ૩૬ નેશનલ ગેમ્સમાં રમતગમતક્ષેત્રે વિદ્યાર્થીઓએ વિશિષ્ટ ગૌરવપૂર્ણ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આ તમામ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા બદલ અનેક વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણ તેમજ સન્માન સમારોહ ઉજવવામાં આવ્યો હતો. વિજેતા થયેલ ૩૬૩ વિદ્યાર્થીઓને નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીઓ, કેમ્પસ ડાયરેક્ટર, આચાર્ય, શિક્ષકગણ હાજર રહી તમામને ધન્યવાદ આપી અભિનંદન પાઠવ્યા હતા.

## સરકારી વિનયન કોલેજ ખાતે થેલેસેમીયા પરિક્ષણ હાઈજેનીક કીટ અને માસ્ક વિતરણ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

સરકારી વિનિયન કોલેજ, સેક્ટર-૧૫ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખા સંપૂર્ણ સહયોગથી થેલેસેમીયા પરિક્ષણ કેમ્પ તા. ૧૫-૧૦-૨૦૨૨ના રોજ સવારે ૮ થી ૧ દરમ્યાન યોજાયો હતો. જેમાં કુલ ૧૦૩૦ વિદ્યાર્થીઓએ થેલેસેમીયા પરિક્ષણ કરાવ્યુ હતુ. ૧૦૦૦ નંગ માસ્કનું વિતરણ તથા સફાઈ કામદાર અને પટાવાળા બહેનોને હાઈજેનીક કીટોનું વિતરણ ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા કરવામાં આવ્યુ હતુ. કોલેજના પ્રિન્સિપાલ અનુપમા ચૌહાણ, ફાલ્ગુનીબેન અને કોલેજ સ્ટાફના આયોજન અને સહયોગ રહ્યો હતો. રાજ્ય શાખા રેડક્રોસના નિલેશભાઈના નેતૃત્વમાં ૨૬ ટેકનીશીયન દ્વારા લોહીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જિલ્લા શાખાના નિલેન્દુભાઈ વોરા, અશ્વિન દવે, ભૂપેન્દ્ર મહેતા, રમણિકભાઈ સુરેલીયા અને જિલ્લા શાખાના ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા કેમ્પને સફળ બનાવવામાં આવ્યો હતો.

## ગાંધીનગરનો વિદ્યાર્થી નેહરૂ યુવા કેન્દ્ર સંગઠનની બે સ્પર્ધાઓમાં જીત્યો



ગાંધીનગર, તા. ૧૫

તારીખ ૧૧-૧૦-૨૦૨૨ના રોજ નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા આયોજિત 'યુવા સંવાદ @2047' જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું સરદાર પટેલ સાંસ્કૃતિક ભવન, માણસા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના વિદ્યાર્થી પરમ શુક્લએ બે સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જે પૈકી તેઓ 'યુવા સંવાદ'માં પ્રથમ તથા 'વક્તૃત્વ સ્પર્ધા'માં દ્વિતીય સ્થાને વિજેતા બન્યા હતા. હવે તેઓ રાજ્યકક્ષા માટે યોજાનાર સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૧૫

સંસ્કાર ગ્રુપ દ્વારા સે. ૭ બગીચો, સુવિધા કચેરી પાસે સવારે ૯.૧૫ થી ૧૦.૨૦ સુધી દિવાળી પર્વના મહિમા વિશે તથા નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે ની રૂપરેખાથી માહિતગાર કરવામાં આવશે તથા વિશ્વ શાંતિ અર્થે પ્રાર્થના કરવામાં આવશે.

# ગાંધીનગરમાં વૃક્ષારોપણ અભિયાન માટે નવતર પ્રયોગ હાથ ધરાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં શ્રી હસમુખ પટેલ આઈપીએસની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણની કાર્યવાહી હાથ ઘરવામાં આવેલ છે, જેમાં રાજકોટ સ્થિત સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ કે જેણે સૌરાષ્ટ્ર તથા કચ્છમાં વર્ષ ૨૦૧૪ થી અત્યાર સુધી ૧૫ લાખ જેટલા વૃક્ષો ઉછેરેલ છે, તેના દ્વારા વૃક્ષારોપણની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

● સંસ્થા એક વૃક્ષને ૦૩ વર્ષ ઉછેરવા માટે રૂા.૧૨૫૦/- નું દાન લે છે.

● દાન મળતા ૭ ફૂટનું પિંજરું અને ૮ ફૂટનું વૃક્ષ વાવી ૦૩ વર્ષ તેનું જતન કરે છે.

● સામાન્ય રીતે જે તે વિસ્તારમાં કુદરતી રીતે જે વૃક્ષો વધુ થતાં હોય તેવા વડ, પીપળ, પીપળો, લીમડો, આંબલી જેવા દેશી વૃક્ષો વાવવામાં આવે છે.

● ૧૫૦૦ વૃક્ષ દીઠ એક ટ્રેક્ટર, ટેન્કર, ૧ ડ્રાઈવર, ૦૨ મજૂર, ૧ સુપરવાઈઝરની ટીમ જે તે ગામમાં મુકવામાં આવે છે, જે ૦૩ વર્ષ સુધી ત્યાં રહી વૃક્ષોનો ઉછેર કરે છે.

● ૦૩ વર્ષ પૂર્ણ થતાં વૃક્ષો ગણીને દાન આપનાર વ્યકિત / સંસ્થાને પરત આપવામાં આવે છે અને કોઈ કારણસર વૃક્ષ સુકાઈ ગયું હોય તો તેના નાણાં પરત આપવામાં આવે છે. પરંતુ તેવું થતું નથી કારણ કે કોઈ છોડ કોઈ કારણસર સુકાઈ જાય તો તેના બદલામાં ત્યાંની ટીમ જે તે ઉંચાઈનું બીજું વૃક્ષ વાવી દે છે.

● ૦૧ વૃક્ષનું દાન આપનારને પણ દર ૩ માસે તેના વૃક્ષનો ફોટો મોકલી આપવામાં આવે છે અને વૃક્ષના પિંજરા પર દાન આપનાર વ્યકિત / સંસ્થા તથા સદભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટનું નામ લખવામાં આવે છે.

● રૂા.૧૨૫૦/- થી વધુ ખર્ચ થાય તો સંસ્થા અન્ય દાતાઓ પાસેથી મેળવી લે છે.

● દાન આપનાર વ્યકિત / સંસ્થાએ પોતાનું પાનકાર્ડ / આધારકાર્ડ આપવાનું રહે છે અને કોઈ એક વૃક્ષનું દાન રોકડમાં આપે તો પણ તેને રસીદ આપવામાં આવે છે અને દર ત્રણ માસે તેને ફોટો પણ મોકલવામાં આવે છે.

જેથી આપનું દાન આપવા માટે મહેશભાઈ પુરોહિત ૯૮૨૪૬૩૧૬૧૮, મેહુલભાઈ ૯૯૭૯૫ ૮૯૫૩૩નો સંપર્ક કરો.

## સે. ૨૨ ખાતે ''ભારતનું ભૂ-રાજનૈતિક મહત્વ, વર્તમાન તથા ભવિષ્ય'' વિષય પર ચર્ચા સત્ર યોજાયું

ગાંધીનગર, તા. ૧૫

સેક્ટર-૨૨ વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે ૧૩મીએ ભારતીય વિચાર મંચ ગાંધીનગર યુવા આયામ તથા સ્ત્રી ચેતના, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ''ભારતનું ભૂ-રાજનૈતિક મહત્વ, વર્તમાન તથા ભવિષ્ય' વિષય પર ચર્ચા સત્રનું આયોજન કર્યુ હતુ. જેમાં વિષય પ્રસ્તુતિ પ્રીતીબેન શર્મા, પ્રાધ્યાપક, સીયુજી દ્વારા કરવામાં આવી હતી. જેમાં હાલમાં ભારતની જીઓ પોલિટિક્સ સ્થિતિ શું છે, કેટલાક દેશો સાથે ભારતના સારા સંબંધો છે, કેટલાક દેશો સાથે સારા સંબંધો નથી, પરંતુ બંને પરિસ્થિતિમાં ભારતનું આગવું મહત્વ રહ્યું છે તે સહિતની ચર્ચા કરવામાં આવી હતી. શ્રોતાઓને પ્રશ્નોતરીના માધ્યમથી સંતોષકારક ઉત્તર પણ મળ્યા હતા. આ કાર્યક્રમનું સમાપન સ્ત્રી ચેતના કેન્દ્રના રાષ્ટ્રીય કાર્યકારિણી સદસ્યા વિદ્યાબેન પસારીએ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ૪૦ જેટલા યુવાઓની હાજરી રહી હતી. ભારતીય વિચાર મંચ દ્વારા પુસ્તકોનું વેચાણ પણ કરવામાં આવ્યુ હતું.

## અસરગ્રસ્ત ખેડૂતોની આગામી ૧૭મીએ જનરલ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૫

અસરગ્રસ્ત ખેડૂત મંડળ ગાધીનગર ૧૪ ગામના અસરગ્રસ્ત ખેડૂતો ના દરેક ગામના આગેવાનોની અસરગ્રસ્ત ખેડૂતોના વર્ષોથી બાકી પડતર પ્રશ્નોની ચર્ચા કરી સરકારનું ધ્યાન દોરવા માટે ગાધીનગર જીલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોની એક જનરલ બેઠક તારીખ ૧૭-૧૦-૨૦૨૨ ને સોમવારે સવારે ૧૦-૩૦ કલાકે કોલવડા રોડ પર જી આઈ સી ડી પલોટ નં ૧૯ સરકારી આવાસ યોજનાના મકાન પાસે ક-૭ રોડ પર ગાધીનગર જીલ્લાના ૧૪ ગામના અસરગ્રસ્ત ખેડૂતોની જનરલ બેઠક નું આયોજન કરવામાં આવ્યું છે તો સદરહુ બેઠકમાં આપના પડતર પશ્નનો સાથે અચૂક હાજર રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

● સ્વ.પ્રજાપતિ કર્મ રાકેશભાઈ ઉ.વ.૧૪, સેકટર-૨૬
● સ્વ.પટેલ ધરા નુતનકુમાર ઉ.વ.૩૨, મોટા ચિલોડા